# નારીપ્રધાન ફિલ્મોનું નારી સશક્તિકરણમાં યોગદાન

ડૉ. ધર્મી બી. પટેલ
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ,
પાંડેસરા, સુરત

**અભ્યાસનો સારાંશ**

નારીપ્રધાન ફિલ્મોનો 'નારી સશક્તિકરણ'માં અગત્યનો ફાળો છે. પ્રસ્તુત અભ્યાસમાં નારી સશક્તિકરણ સંદર્ભે નારીપ્રધાન ફિલ્મોની ભૂમિકાનો અને નારી શિક્ષણમાં યોગદાનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસના ઉપકરણ તરીકે પાંચ પ્રશ્નો ધરાવતી સ્વરચિત મુક્ત જવાબી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. નમૂના તરીકે શિક્ષિત ૨૫ નારીઓનો હાથવગી રીતે સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત ગુણાત્મક માહિતી સંદર્ભે વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. નારી સશક્તિકરણ સંદર્ભે નારીપ્રધાન ફિલ્મોથી આત્મવિશ્વાસ વધે છે, નારી સંબંધી કાયદાઓની જાણકારી મળે છે, વિવિધ ક્ષેત્રોમાં નારીઓની પ્રગતિ આંતરિક પ્રેરણા પૂરી પાડે, નારી સંબંધી કુરિવાજો દૂર કરવાની શક્તિ મળે છે, સ્વતંત્ર નિર્ણયશક્તિ, સમાજમાં યોગ્ય સ્થાન, સમાજમાં પુરૂષ સમકક્ષ દરજ્જો, નારી સંબંધી વિશેષ યોજનાઓથી માહિતગાર, આર્થિક રીતે પગભર બનવું, કૌશલ્ય વિકાસ કરી શકાય છે. નારીપ્રધાન ફિલ્મોનો નારી શિક્ષણમાં યોગદાન સંદર્ભે ફરજિયાત શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, વિવિધ ક્ષેત્રો જેવા કે વિજ્ઞાન અને ટેક્નોલૉજી, મેડીકલ, રાજકીય ક્ષેત્ર, કલા-સાંસ્કૃતિક ક્ષેત્ર, રમતગમત ક્ષેત્ર, આર્મી-નેવી જેવા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસમાં પગપેસારો થયો છે.

**ચાવીરૂપ શબ્દો : નારીપ્રધાન ફિલ્મો, નારી સશક્તિકરણ**

## ૧.પ્રસ્તાવના

એકવીસમી સદી વિજ્ઞાન અને ટેક્નોલૉજીની સદી છે. હાર્ડવેર, સોફ્ટવેર અને માનવતત્ત્વ એ શૈક્ષણિક ટેક્નોલૉજીનો અગત્યનો ભાગ છે. 'માનવતત્વ' એ હાર્ડવેર અને સોફ્ટવેરનું ચાલકબળ છે. ટેલિવિઝન એ દૈનિક જીવનનું મહત્ત્વનું અને પ્રચલિત મનોરંજનનું સાધન છે, જેમાં ફિલ્મો, સીરિયલો, દેશ-વિદેશના સમાચારો, શૈક્ષણિક કાર્યક્રમો, રમતો, રીયાલીટી શો વગેરે સોફ્ટવેર છે. નારીપ્રધાન ફિલ્મોનો 'નારી સશક્તિકરણ'માં અગત્યનો ફાળો છે. આ પ્રકારની ફિલ્મો નારી સશક્તિકરણની દિશાનું મોટું પગલું છે.

## ૨. શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક નીચે દર્શાવેલ છેઃ

*નારીપ્રધાન ફિલ્મોનું નારી સશક્તિકરણમાં યોગદાન*

## ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સાથે હાથ ધરવામાં આવ્યો હતોઃ

૧. નારી સશક્તિકરણ સંદર્ભે નારીપ્રધાન ફિલ્મોની ભૂમિકાનો અભ્યાસ કરવો.

૨. નારીપ્રધાન ફિલ્મોનો નારી શિક્ષણમાં યોગદાનનો અભ્યાસ કરવો.

## ૪. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસ નીચે પ્રમાણેનું મહત્ત્વ ધરાવે છેઃ

૧. નારી સશક્તિકરણ સંદર્ભે નારી પ્રધાન ફિલ્મો વિશે પરોક્ષ રીતે જાણી શકાશે.
૨. ફિલ્મોનું નારી સશક્તિકરણમાં યોગદાનનો અભ્યાસ થઇ શકશે.
૩. નારી શિક્ષણ દ્વારા નારી સશક્તિકરણની શક્યતાઓ સ્પષ્ટ થઇ શકે એમ છે.
૪. પ્રસ્તુત અભ્યાસ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે માર્ગદર્શન અંગે આધારરૂપ થઇ શકે એવું છે.

## ૫. અભ્યાસનું સીમાંકન

પ્રસ્તુત અભ્યાસમાં નારીપ્રધાન ફિલ્મોનું નારી શિક્ષણ અને સશક્તિકરણમાં યોગદાનનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૬. અભ્યાસનું ઉપકરણ

અભ્યાસના ઉપકરણ તરીકે પાંચ પ્રશ્નો ધરાવતી સ્વરચિત મુક્ત જવાબી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી.

## ૭. અભ્યાસનો નમૂનો

અભ્યાસના નમૂના તરીકે સુરત શહેરની કુલ ૨૫ શિક્ષિત નારીઓનો હાથવગી રીતે સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૮. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત ગુણાત્મક માહિતી સંદર્ભે વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

## ૯. અભ્યાસનાં તારણો

૧. નારી સશક્તિકરણ સંદર્ભે નારીપ્રધાન ફિલ્મોથી આત્મવિશ્વાસ વધે છે, નારી સંબંધી કાયદાઓની જાણકારી મળે છે, વિવિધ ક્ષેત્રોમાં નારીઓની પ્રગતિ આંતરિક પ્રેરણા પૂરી પાડે, નારી સંબંધી કુરિવાજો દૂર કરવાની શક્તિ મળે છે, સ્વતંત્ર નિર્ણયશક્તિ, સમાજમાં યોગ્ય સ્થાન, સમાજમાં પુરૂષ સમકક્ષ દરજ્જો, નારી સંબંધી વિશેષ યોજનાઓથી માહિતગાર, આર્થિક રીતે પગભર બનવું, કૌશલ્ય વિકાસ કરી શકાય છે.
૨. નારીપ્રધાન ફિલ્મોનો નારી શિક્ષણમાં યોગદાન સંદર્ભે ફરજિયાત શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, વિવિધ ક્ષેત્રો જેવા કે વિજ્ઞાન અને ટેક્નોલૉજી, મેડીકલ, રાજકીય ક્ષેત્ર, કલા-સાંસ્કૃતિક ક્ષેત્ર, રમતગમત ક્ષેત્ર, આર્મી-નેવી જેવા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસમાં પગપેસારો થયો છે.

## ૧૦. શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક સૂચિતાર્થો આ મુજબ છેઃ

૧. નારી સ્વયં સ્વ પ્રત્યેની માનસિકતા બદલે, અન્ય પણ બદલે.
૨. નારીપ્રધાન ફિલ્મોના માધ્યમથી સરકારની નારી સંબંધી યોજનાઓથી દરેક નારી વાકેફ થાય.

૩. નારી સશક્તિકરણ સંબંધી કાયદાઓનું કડકપણે પાલન થાય તેની સરકાર દ્વારા તકેદારી રાખવી.
૪. ટી.વી., રેડિયો, માસ મીડીયામાં નારી સંબંધી અર્થગ્રાહી પ્રસારણ થાય.
૫. અર્થસભર નારીપ્રધાન ફિલ્મોને કરમુક્તિ અપાય અને તેની ટિકીટ પણ ઓછી રાખવામાં આવે અને સરકાર દ્વારા આવી ફિલ્મોને જોવા માટે પ્રોત્સાહન આપવામાં આવે.

## ૧૧. સમાપન

નારીપ્રધાન ફિલ્મો નારીના આત્મવિશ્વાસમાં અને ઉત્સાહમાં વધારો કરનારી હોય છે. વખતોવખત આવી ફિલ્મોનું નિર્માણ થાય અને તેમાં ભારતીય સંસ્કૃતિને આવરી લેવામાં આવે તો નારી સશક્તિકરણના પ્રયાસો સાર્થક થાય.

## સંદર્ભસૂચિ

૧. ઉચાટ, ડી. એ.(૨૦૧૨). શિક્ષણ અને મનોવિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃત્તિ). રાજકોટ : પારસ પ્રકાશન.
૨. શાહ, ડી. બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન). અમદાવાદ: પ્રમુખ પ્રકાશન.
૩. http://en.wikipedia.org/wiki/Women_in_India
૪. http://www.selfgrowth.com/articles/Articles_Women_Empowerment.html